# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day :SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MANDVIYA SUNDAY ON CYCLE

કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ.મનસુખ માંડવીયાએ કહ્યું, સ્વસ્થ સમાજ જ સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. આજે વહેલી સવારે ગુજરાતનાં અમદાવાદ ખાતે સન્ડે ઓન સાયકલ અને કોમનવેલ્થ દિવસ નિમિતે યુવાઓને સંબોધતા તેમણે આ વાત કહી. શ્રી માંડવિયાએ જણાવ્યું, સાયકલિંગથી પોલ્યુશનનું સોલ્યુશન થાય છે. સાયકલિંગથી ઇંધણની બચત પણ થાય છે.

( બાઈટ:- મનસુખ માંડવીયા, કેન્દ્રીય મંત્રી )

તેમણે સાયકલિંગના ત્રણ મુખ્ય ફાયદાઓ ગણાવતા કહ્યું કે, સાયકલિંગ એ શરીરને તંદુરસ્ત રાખવા માટે દુનિયાની સર્વશ્રેષ્ઠ કસરત છે. સાયકલના ઉપયોગથી પ્રદૂષણની સમસ્યાનું કાયમી નિવારણ થાય છે. આ ઉપરાંત સાયકલનો ઉપયોગ કરવાથી ઇંધણની બચત પણ થાય છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, 'ફિટ ઇન્ડિયા' અભિયાન એ કોઈ રાજકીય કાર્યક્રમ નથી, પરંતુ તે આપણા સૌના જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારૂ જન આંદોલન છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, અભિનેતા આયુષ્માન ખુરાના અને ઓલિમ્પિક ચંદ્રક વિજેતા ગગન નારંગ પણ ઉપસ્થિત રહ્યા.

# DAMAN SUNDAY ON CYCLE

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ફિટ ઈન્ડિયા અભિયાન અંતર્ગત "સન્ડે ઑન સાયકલ" કાર્યક્રમનું આયોજન કરાયું. તે અંતર્ગત મોટી દમણ લાઈટ હાઉસ બીચ ખાતે યોજાયેલી સાયકલ રેલીમાં ભાગ લેનારોએ ફિટનેસ અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ આપ્યો હતો. આ અંગે યુવા અને રમતગમત વિભાગના નિયામક અરુણ ગુપ્તાએ પ્રતિક્રિયા આપી.

( બાઈટ : અરુણ ગુપ્તા – (ડિરેક્ટર, યુવા અને ખેલ વિભાગ))

# WEST KUCTH- DRUGS

પશ્ચિમ કચ્છના દરિયા કિનારે ફરીથી શંકાસ્પદ બિનવારસુ માદક પદાર્થના પેકેટો મળી આવ્યા છે.

અમારા પશ્ચિમ કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે બી.એસ.એફ.ને શોધ અભિયાન દરમિયાન ઈબ્રાહિમ બેટ વિસ્તારમાંથી 11 બિનવારસુ પેકેટો મળ્યા છે. એક પેકેટ પર “અરેબિયન પ્રોડક્ટ” અને અન્ય પેકેટો પર “ખાલિજ પ્રોડક્ટ” લખાણ જોવા મળ્યું હતું. બી.એસ.એફ. અને સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરાઈ છે.

# DWARKA DIESEL

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પેટ્રોલ-ડીઝલની કાળાબજારી સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ગેરકાયદેસર રીતે ઇંધણનો જથ્થો સંગ્રહ કરી વેચાણ કરતા એક શખ્સને SOG ટીમે સલાયા-ખંભાળિયા રોડ પરથી ઝડપી લીધો છે. તેની પાસેથી એક હજાર લીટર ડીઝલ મળી આવ્યું હતું. પોલીસે કુલ 2 લાખ 43 હજારનો મુદ્દામાલ કબજે કર્યો. અન્ય એક કાર્યવાહીમાં ભાણવડ પોસ્ટ વિસ્તારમાંથી 900 લીટર શંકાસ્પદ ઇંધણ સાથે મળી આવ્યું. આ મામલે પણ એક શખ્સની અટકાયત કરી કુલ એક લાખ 34 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો.

# CHHOTAUDEPUR – GERKAYDE KHANAN

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના ખમાપુરા- બાંગાપુરાની ઓરસંગ નદીમાં ગેરકાયદે ખનન ઝડપાયું.

ખાણ ખનીજ વિભાગે રાત્રિના સમયે ચાલતા ગેરકાયદે ખનન પર દરોડો પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઓરસંગ નદીના એકવાડક્ટ પાસે માઇનિંગ ઝોનમાં ગેરકાયદે રેતી ખનન,વહન કરતા 1 જેસીબી,1 એસ્કેવેટર મશીન અને 1 ટ્રક સીઝ કરાઈ. અને જીલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા ગેરકાયદે રેતી ખનનમાં 70 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો.

# Tapi- Election

તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ માટે આવતીકાલે ચૂંટણી યોજાશે.

પ્રમુખ તરીકે વાલોડ તાલુકાના બુહારી સીટ પરથી વિજેતા થયેલા ચંચળબેન ચૌધરી અને ઉપપ્રમુખ તરીકે સોનગઢ તાલુકાની ગુણસદા સીટ પરથી વિજેતા થયેલા અશોક ગામીતે ઉમેદવારી નોંધાવી.

# BHARUCH AAG

ભરૂચના દહેજ વિસ્તારમાં એક કેમિકલ કંપનીમાં મોડી રાત્રે ભીષણ આગ લાગવાની ઘટના સામે હતી. કંપનીમાં કેમિકલ લાઇનમાં લિકેજ થતાં સમારકામ માટે શટડાઉનની પ્રક્રિયા ચાલી રહી હતી. આ દરમિયાન અચાનક આગ લાગી હતી ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. અને આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.